|| સનાતન પરમો ધર્મ || શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

● સં -૨૦૭૮ ●મહા સુદ -૧૦ ● તા ૧૧-૦૨-૨૨ ● શુક્રવાર SDP NO:660 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

નિઝામબાદ YSK પરિપૂર્ણ ભાદાણી પરિવારના લગ્નમાં ઉપસ્થિત યુવાસંઘ ટીમ YSK

રાજેન્દ્ર ભાદાણી, નિઝામાબાદ નિવાસી TAP રિજીયન ના તત્કાલીન ચેરમેન ની સુપુત્રી ચિ.સો.કા.ગાયત્રીબેન ના શુભ લગ્ન પ્રસંગે ઉપસ્થિત કેંદ્રીય યુવાસંઘના સેંટ્રલ પ્રેસિડેન્ટ હિતેશ રામજીયાણી (મુંબઈ), ફોરેસ્ટ કાઉન્સિલ પ્રેસિડેન્ટ દિપક દિવાણી (સિકંદરાબાદ), આધ્યાત્મિક સમિતિ ના કન્વીનર અંજુ ધોળુ (મુંબઈ), TAP રિજીયન ચેરમેન તુલશી રામાણી, મિશન ચેરમેન મનોજ દડગા,TAP ડિવિઝનલ ચેરમેન કિશોર સેંઘાણી - ખુશાલ ભાદાણી,TAP સેક્રેટરી કિશોર રામાણી,TAP રિજીયન બિઝનેસ સેલ કન્વીનર શંકર સાંખલા,TAP રિજીયન સલાહકાર અને શિક્ષણ શોધ સમિતિ PDO રમેશ પોકાર, વિપુલ ગોરાણી-બિઝનેસ સેલ કાઉંસિલ PDO,TAP યુવા ઉત્કર્ષ કન્વીનર ગીતા લિંબાણી તેમજ સિકંદરાબાદ યુવા મંડળ ના ખજાનચી દિપેશ સુરાણી, સહ ખજાનચી જગદીશ સુરાણી,TAP રિજીયન ના સક્રીય કાર્યકર્તા કિર્તી લિંબાણી અને નિઝામાબાદ ઝોન

યુવાસંઘ ના સમસ્ત કાર્યકર્તાઓ સર્વે સજોડે હાજર રહી નવ દંપતિ નું જીવન સુખમય પ્રસાર થાય તેવા આશિર્વાદ આપી નિઝામાબાદ ભાદાણી પરિવાર ની મહેમાનગતી નો આનંદ માણ્યો હતો.વર વધુ બને યુવાસંઘની સુવિધા યુવા સુરક્ષા કવચ ના સહયોગી પહેલે થી જ હોય તેનો સહુ ને ખૂબ જ હર્ષ હતો.

કેમકે યુવા સુરક્ષા કવચ ના પૂર્વ CEO વિશ્રામભાઈ જે ઓરંગાબાદ થી અત્રે પધારેલ, જેઓ ફુઆ ના રોલ માં અત્રે આગળ યોજના નો અમલ નિષ્ઠા પૂર્વક આ પરિવાર માં અમલ કરાવી ગયેલ હતા. તેમજ જસવત સુરાણી બનેવી ના રોલ માં અત્રે ઉપસ્થિત રહેલ જે આ નિઝામાબાદ પરિવાર ના કોઈ પણ સદસ્ય ના રહે એવું ના બને તેવો સંકલ્પ અત્રે લેવડાવેલ છે.

યુવાસંઘના અગરનીઓ ની એ તકેદારી પણ હોય એને તે મુજબ દરેક યુવા પ્રસંગો માં તોજ જમણ માં જમસે જો પરિવાર YSK નો સ્વીકાર કરતા હશે. કેમકે જેમ ગૌદાન આપણું કર્તવ્ય છે તેમ યુવા સુરક્ષા પણ સહુની ફરજ માં આવે છે. ખાસ જસવત સુરાણી પરિવાર ના પ્રસંગો માં YSK સુરક્ષા યોજના નું સંકલન કરતા રહીસુ

સંયોજક : જસવંત સુરાણી

શુભ લગ્ન પ્રસંગે YSK ભેટ એક પ્રેરણાદાયક કાર્ય

તારીખ:૧૦/૦૨/૨૦૨૨ ગુરૂવાર

આજ રોજ ડો. પંક્તિબેન કાંતિલાલ ભીમાણી ગામ: પદમપુર હાલે માંડવી અને ડો. પિયુષ નરેન્દ્રભાઈ રૂડાણી ગામ: દેવપર યક્ષ હાલે ભુજ ના લક્ષ્મીનારાયણ નગર માંડવી મધ્યે શુભલગ્ન નિમિતે નરેન્દ્રભાઈ શંકરલાલ રૂડાણી તરફ થી અપને લીયે નહિ અપનો કે લીયે YSK ઉક્તિ ને સાર્થક કરતાં પુત્ર તેમજ પુત્ર કરતા પણ વિશેષ એવી પુત્રવધૂ ને યુવા સુરક્ષા કવચ ની ભેટ આપી હતી.

આ પ્રસંગ ને દિપાવવા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ પૂર્વ કચ્છ રીજીયન માંડવી ડિવિઝન ના મંત્રી પિયુષભાઈ લિંબાણી, શિક્ષણ પ્રતિભાશોધ થીમ ના ડિવિઝન કન્વીનર ઈશ્વરભાઈ દડગા અને મેટ્રીમોનિયલ થીમ ના રીજિયન કન્વીનર ભાવેશભાઈ માવાણી ખાસ ઉપસ્થિત રહીને YSK સર્ટિફિકેટ અર્પણ કર્યા હતાં.

પીયૂષ લીંબાણી માંડવી ડિવિઝન સેક્રેટરી

કાનાણી પરિવાર હુગલી- શ્રીરામપુર નાંદાગામ પાટીદાર જ્ઞાતિ ના ઈતિહાસ માં બનેલી કલંકિત ઘટનાનો ખુની યોગેશ પટેલની ધરપકડ

તારીખ ૦૨/૧૨/૨૦૨૧ ની હુગલી- શ્રીરામપુર ના નાંદા ગામ ના કાનાણી પરિવાર, કચ્છમાં વિરાણી મોટી (તાલુકો નખત્રાણા) ના રહેવાસી હતા. આ પરિવારના ચાર સદસ્યો ની તેમના નજીકના સગા યોગેશ પટેલ દ્વારા હત્યા કરવામાં આવી હતી.

તે ખૂની યોગેશ પટેલ તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૨ ના સિંગુર પોલીસે સિંગુરના પુરુષોત્તમ ઈલાકા થી ગિરફતાર કરેલ છે. જે પોતાના પરિવારને મળવા નો પ્રયાસ કરતો હતો એ અરસામાં પોલીસની નજરમાં નજર કેદ થતાં તેની ધરપકડ કરવામાં આવી છે.

યોગેશ પટેલની ધરપકડ બાદ પોલીસે આજ રોજ ચંદનગર કોર્ટમાં હાજર કરવામાં આવેલ જેની કાર્યવાહી ચાલુ છે.(વધુ વિગત માસિક અંક માં)

CA ના પરિણામમાં ડંકો

રાધિકા CA સુરત ઓલ.ઈન્ડિયામાં પ્રથમ ક્રમે

સુરતી ગર્લ રાધિકા બેરીવાલા ૬૪૦ માર્ક સાથે દેશભરમાં પહેલી, અથાગ પરિશ્રમ કર્યો , હવે IIM ક્રેક કરીશ ') "રાધિકા બેરીવાલ" ચાર વર્ષથી ચાલતા સીએના નવા અભ્યાસક્રમમાં રાધિકાએ પ્રથમ વખત સૌથી વધુ માર્ક મેળવ્યાં છે.

CA કરી રહેલા સ્ટુડન્ટ્સને રાધિકાની ટીપ "કદી પોતાના પર વિશ્વાસ ન ગુમાવશો, બસ મહેનતમાં લાગી જાવ" ચાર્ટર! એકાઉન્ટન્સીની ફાઈનલ એક્ઝામમાં સુરતની રાધિકા બેરીવાલાએ ઓલ ઈન્ડિયા રેંક -૧ મેળવીને દેશભરમાં ડંકો વગાડી દીધો છે . ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા ગત ડિસેમ્બરમાં લેવાયેલી CA ફાઈનલ્સ પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરાયું છે .

આ પરીક્ષામાં દેશભરમાં પહેલો ક્રમ મેળવનારી રાધિકા એક લગ્નપ્રસંગમાં હતી અને ખાસ વાત FFDCA કરી રહેલા દરેક સ્ટુડન્ટે પોતાની પર ભરોસો રાખવો જોઈએ

અને ખૂબ મહેનત જ એકમાત્ર વિકલ્પ છે.નવા અભ્યાસ ક્રમમાં સૌથી વધુ ૬૪૦ માર્કમેળવી રેકોર્ડ બનાવ્યો છે. રાધિકાએ સૌ પ્રથમવાર ૮૦૦ માંથી દેશમાં પ્રથમવાર નવા અભ્યાસક્રમમાં સૌથી વધુ ૬૪૦ માર્ક મેળવ્યાં છે . સુરતમાંથી પણ પ્રથમવાર સૌથી વધુ માર્ક મેળવવાની સિદ્ધિ પણ રાધિકાના નામ પર જાય છે . રાધિકાએ એક સાથે વધુ રેકોર્ડ બનાવ્યા હોવાનું તેમના માર્ગદર્શકે જણાવ્યું હતું.

પરિવાર ટેક્સટાઈલ સાથે સંકળાયેલો છે

રાધિકાના પિતા ચૌટમલ છેલ્લા અઢી દાયકાથી સુરતમાં સ્થાયી થયા છે . મૂળ રાજસ્થાનના ઝુંઝુનું જિલ્લાના વતની એવો રાધિકાનો પરિવાર ટેક્સટાઈલના વ્યવસાય સાથે સંકળાયેલો છે . પરિવારની દીકરીએ મેળવેલી સફળતા પર પરિવારે ગર્વ વ્યક્ત કર્યો હતો સાથે જ દીકરીને આગળ અભ્યાસ માટે શુભકામના આપી હતી .

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન,સુરત કાર્યાલય લોકાર્પણમાં ૧૫ કરોડ દાન ની નોંધણી

વિશ્વ ઉમિયા ધામ. અમદાવાદ સુરત ચેપ્ટર.

સુરત જીલ્લા કાર્યાલય/રાહત દર નો મેડીકલ સ્ટોર અને ICU મેડીકલ વાન લોકાર્પણ સમારોહ તા.૦૬/૦૨/૨૦૨૨ ના દિવસે સુરત માં આયોજિત કરવામાં આવેલ. આ પ્રસંગે સી.આર.પાટીલ, સાંસદ અને ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવી ના વરદ હસ્તે લોકપર્ણ કરવામાં આવેલ. પ્રમુખશ્રી આર.પી.પટેલ ની ટહેલ અનુસંધાને માતાજી ના આ વૈશ્વિક વિકાસ મંદિર નિર્માણ કાજે સુરત ચેપટર ના આ કાર્યક્રમ દરમ્યાન જ ૧૫ કરોડ ની રકમ ના ભામાશા દાતાશ્રીઓ દ્વારા જાહેરાત કરવામાં આવેલ અને તેઓનું સન્માન કરવામાં આવેલ.

સુરત ચેપટર ના કો-ચેરમેન રમેશભાઈ પારસિયા સુરત દ્વારા આ માહિતી આપવામાં આવેલ છે. સુરત અને દક્ષિણ ગુજરાત ના અગ્રણીઓ તેમજ યુવાસંઘ ના તત્કાલીન પ્રેસિડેન્ટ વસંત ધોળું જેઓ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના યુવા કાઉન્સિલ ના ચેરમેન પદે સેવા આપે છે તેઓ અને દક્ષિણ ગુજરાત રિજીયન ની ટીમ હાજર રહેલ હતા..

CA ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના સફળ સિતારાઓ

CA મેહુલ રવાણી

બેંગલોર,કચ્છ માં ગામ રતડીયા હાલે બેંગલોર નિવાસી મોહનભાઈ કાનજી રવાણી તેમજ શ્રીમતિ પાર્વતીબેન રવાણી ના પૂત્ર મેહુલ (બીટ્ટુ), CA ની FINAL પરીક્ષા માં ઉત્તીર્ણ થઈને CA બન્યા છે.

આજ CA ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ના પરિણામ આવ્યા જેમાં સનાતની કકપા સમાજ ના યુવાઓ સફળ થયા છે તેમને આપણે સહુ અભિનદીત કરીએ છૅ. સમાજ વિકાસ થી રાષ્ટ્ર વિકાસ ની આ સફર માં પંચામૃત જેવા આ અભ્યાસુઓ ને શ્રીસમાજ પ્રચાર પ્રસાર સમિતિ અભિવાદન કરે છે અને બિરદાવે છે.



CA પ્રણવ વાસાણી

નવાવાસ (રવાપર),નવસારી નિવાસી ભવાન ગંગદાસભાઈ ખેતશીભાઈ વાસાણી ના પુત્ર પ્રણવ વાસાણી એ પ્રથમ પ્રયત્ને CA ની પરીક્ષા પાસ કરી છે. પ્રણવ ને ખૂબ ખૂબ અભિનંદન સાથે ઉજ્વળ ભવિષ્ય માટે ખૂબ સારી શુભકામનાઓ રમેશ વાસાણી, નાસિક.



CA ઈશ્વર પાંચાણી

ઇન્દોર

આર. કે. ફનિચર ઈન્દોર મધ્યપ્રદેશના વિજયાબેન તેમજ રતિલાલભાઈ કરશનભાઈ પાંચાણી (રૂડાણી) કચ્છ માં નખત્રાણા, પુત્ર ઈશ્વર પાંચાણી (રૂડાણી) ICAI પરિક્ષા ઉતીર્ણ કરી CA ની ડિગ્રી હાંસિલ કરી છે.

CA મયુર મનોજભાઈ ખેતાણી

ઈન્દોર MP મહાદેવ ટિમ્બર માર્ટ ઈન્દોર, રસીલાબેન તેમજ મનોજભાઈ દેવશી ખેતાણી, કચ્છમાં કોટડા (જ.)ના પુત્ર મયુર મનોજભાઈ ખેતાણી ICAI પરીક્ષા ઉત્તીર્ણ કરી CAની ડિગ્રી હાંસિલ કરી છે.

ખેતાણી પરિવાર ત્યા કચ્છ કડવા સનાતન પાટીદાર સમાજ ઈન્દોરનું ગૌરવ વધારેલ છે.

CA મોનીકા કલ્પેશ નાકરાણી

કરાડ, મહારાષ્ટ્ર,

મારૂતી પ્લાસ્ટિક MIDC કરાડવાળા રતિલાલ કરમશી નાકરાણી (એેયર)નાં પૂત્રવધૂ સૌ.મોનિકા કલ્પેશ નાકરાણી ICAI પરિક્ષા ઉતીર્ણ કરી CA ની ડિગ્રી હાંસિલ કરી છે, નાકરાણી પરિવારમાં પ્રથમ મહિલા CA નું ગૌરવ મેળવ્યું છે.



CA પાર્થ જીતેન્દ્ર ભાદાણી

જે. કે. ટ્રેડર્સ. ગવત મંડી. કોલ્હાપુર

જીતેન્દ્ર ખીમજી ભાદાણી ના સુપુત્ર, કચ્છ ગામ .. દેશલપર, ગુતલી.

Mo.no. ૮૩૦૮૭૮૨૯૨૯



CA પાર્થ પ્રભુદાસ માકાણી

(શ્રી વિષ્ણુ સો મિલ)

સ્થળ ગીતા મંદિર, અમદાવાદ.

કચ્છ ગામ ગઢુલી..



CA મનન વેલાણી

સ્થળ- નાગપુર

કચ્છ માં કોટડા (જડોદર)



CA જીજ્ઞેશ પોકાર

કચ્છ માં ઘડાણી ,તા. નખત્રાણા ,

હાલે. ઉમરગામ ,જી.વલસાડ રહેતા

કાન્તિલાલ પરબત પોકાર (લખાણી) તેમજ કસ્તુરબેન ના સુપુત્ર ચિ. જીગ્નેશ કુમારે (C.A.)

સી. એ. ની પદવી મેળવી ...

મો. નં. ૯૯૯૮૬ ૬૩૩૫૭

ઉજ્વળ ભવિષ્ય માટે ખૂબ સારી શુભકામનાઓ

શોક સંદેશ

શ્રી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ વાલ્કા મોટા

સ્વ.ડાઈબેન જીવરાજભાઈ સેંઘાણી

હાલેઃ નાગપુર - સાવનેર

ઉંમર:૮૨ વર્ષ

સ્વર્ગવાસ:૧૦-૨-૨૦૨૨ ગુરુવાર

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.

પ્રભુ દિવંગત પરમ આત્માને તેમના ચરણોમાં સ્થાન આપી તેમને શાંતિ આપે અને તેમના પરિવાર ને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે એવી એવી પ્રભુ પાસે પ્રાર્થના

પુત્રો

૧. શ્રી દેવજીભાઈ જીવરાજભાઈ સેંઘાણી મો:૯૪૨૨૫૩૮૨૪૮
૨.શ્રી સોમજી જીવરાજભાઈ (શંભુભાઈ) મો:૯૪૨૩૬૦૪૧૧૭
૩.શ્રી ભવાનભાઈ જીવરાજભાઈ સેંઘાણી મો. ૯૪૦૩૫૯૨૫૨૩
૪.શ્રી દેવશીભાઈ જીવરાજભાઈ સેંઘાણી મો:૯૪૨૩૬૦૪૧૦૧
૫.શ્રી ગીરીશભાઈ જીવરાજભાઈ સેંઘાણી મો:૯૪૨૩૬૦૫૪૦૩

વ્યવસાયિક પ્રતિષ્ઠાન

૧. સેંઘાણી ટીમ્બર્સ - નાગપુર ૨. જે.જે.ટીમ્બર્સ-સાવનેર

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તારીખ : ૯/૨/૨૦૨૨ બુધવાર
સ્વ. કાંતાબેન શાંતિભાઈ છાભૈયા ઉંમર : ૫૯ વર્ષ.
કચ્છ માં ગામ : નખત્રાણા હાલે : દાહોદ (ગુજરાત)

તારીખ : ૧૦/૦૨/૨૦૨૨ ગુરુવાર
સ્વ.ડાઈબેન જીવરાજભાઈ સેંઘાણી ઉંમર : ૮૨ વર્ષ,
કચ્છમાં ગામ : વાલકા મોટા હાલમાં : નાગપુર
અવસાન કારણ : ઉંમર ને લઈને, કુદરતી

સ્વ.હિરજીભાઈ કરમશીભાઈ જાદવાણી ઉંમર : ૮૫ વર્ષ
કચ્છ માં ગામ : નેત્રા હાલે : સતના (મ.પ્ર.)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના, શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ ૐ શાંતિ શાંતિ શાંતિ ....

રામાણી પરિવાર જોગ સંદેશ

આઈ શ્રી રૂદીમાં માતાજી...

શ્રી સમસ્ત રામાણી પરિવારના સર્વે હોદ્દેદારોશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તેમજ સલાહકાર શ્રી ઓ ને જણાવવાનું કે આપણા પરિવાર ના નવા બાંધકામ ના જનરલ રસોડા તથા સ્ટોર રૂમ ના ઓપનિંગ નિમિત્તે તા. ૧૬-૦૨-૨૦૨૨ ને બુધવારના સવારે ૦૮-૩૦ (સાડા આઠ) કલાકે "વૈદિક હવન" રાખવામાં આવેલ છે. તો સમયસર પહોંચી આવવા વિનંતી....

લી.

બાબુલાલ દેવજીભાઈ ધનાણી.મહામંત્રીશ્રી
શ્રી રામાણી પરિવાર, નખત્રાણા.

હવે રાહતની લહેર...

નવી ગાઈડલાઈન : ગુજરાત રાજ્યના ૧૯ શહેરોમાંથી નાઈટ કર્ફ્યુ હટ્યો , ૮ મહાનગરોમાં હવે ૧૨ થી ૫ વાગ્યા સુધી કર્ફ્યુ , પણ વેપાર -ધંધા ૧૧ વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે

ગુજરાતમાં છેલ્લા ૧૮ દિવસમાં કોરોનાના નવા કેસમાં ૮૦૦ % થી વધુનો તથા એક્ટિવ કેસમાં ૩૭૫ % થી વધુનો ઘટાડો થયો છે , ત્યારે રાજ્ય સરકારે નિયંત્રણોમાં છૂટછાટ આપી છે . મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીમાં લેવાયેલા નિર્ણય અનુસાર હવે ૧૧ ફેબ્રુઆરીથી રાજ્યના માત્ર ૮ મહાનગરોમાં આગામી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી દરરોજ રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ અમલમાં રહેશે . ઉલ્લેખનીય છે કે ,

આ પહેલા રાતના ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી કર્ફ્યુ અમલમાં હતો . આ ૮ મહાનગરમાં નાઈટ કર્ફ્યુ હાલ આઠ મહાનગર- અમદાવાદ , વડોદરા , સુરત , રાજકોટ , જામનગર , જૂનાગઢ , ભાવનગર અને ગાંધીનગર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે .

તિર્થોમાં સૌથી શ્રેષ્ઠ જો કોઈ તિર્થ હોય તો તે આપણું હૃદય છે તે જેટલું નિર્મળ અને નિષ્પાપ હશે તો બધા જ તિર્થો આપણી પાસે હશે

આજનું આચમન

મહાસુદ ૧૦, વિ. સંવત ૨૦૭૮ શુક્રવાર, દિનાંક ૧૧.૨.૨૦૨૨.



શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન-સંસ્કારધામ, દેશલપર-કચ્છ

આજની ચિંતન કણિકા

મસ્તિષ્કમણિ ..લોગો...!!!!

ભારતના વિદેશમંત્રીશ્રી એ દક્ષિણ કોરિયાના રાજદૂતને તલબ કર્યા..!!

જબરજસ્ત વિવાદ ચાલ્યો છે ,દક્ષિણ કોરિયાની કંપનીઓ એ કાશ્મીર માટે જે પોસ્ટ સોશિઅલ મીડિયા ઉપર નાખી એ પછી..!!

ભારતનું સોશિઅલ મીડિયા એની ચરમસીમાએ જઈને દક્ષિણ કોરિયન કંપનીઓ ને ટ્રોલ કરી રહ્યું છે ,અને એના સીધા પડઘા પડી રહ્યા છે નવી દિલ્લીથી લઈને છેક સિઓલ સુધી..!!

અભિનંદનને પાત્ર છે ભારતનું સોશિઅલ મીડિયા..!!

રાજકીય સંગઠનો અને બિનરાજકીય સંગઠનો અત્યારે તો માંગણી કરી રહ્યા છે કે માફી માંગે તમામ કંપનીઓ..!!

કેવા ભોળા છે નહિ આ બધા..???

ભોળા કેહવા કે મૂર્ખ????

આમ જુવો તો વાત વાતમાં છેક વેદો અને પુરાણો સુધી પોહચી જાય છે કેહવાતા રાષ્ટ્રવાદીઓ પણ જરાક જ પાછળ જઈને નથી વિચારતા ..???

કેટલીવાર માફી આપી હતી ..? દાંતે તરણું લઈને કેટલીવાર આવ્યો હતો ?

સોળ સોળ વાર આવ્યો હતો ગઝની અને સત્તરમીવારે ભાંગ્યું સોમનાથ..!!!

અને પછી શું હાલત કરી ???? અને આ દેશની શું હાલત થઇ ..???

ભૂતકાળ ભૂલી અને વર્તમાનના કેફમાં રચાનારી સંસ્કૃતિઓનો વિનાશ કરવા માટે કોઈ જ આક્રાન્તાને વધારે મેહનત કરવી નથી પડતી, એ સેહજ અમથા પ્રયત્નથી ધબાય નમઃ થઇ જાય છે...!!

વિદેશમંત્રી એ બોલાવ્યા, તતડાવશે ચોક્કસ .. ખાતરી છે, પણ પછી શું ? સુધરી જશે ? એમની મનીષા તો સ્પષ્ટ થઇ ગઈ છે તો હવે ..??

સરકાર કોઈપણ સંજોગોમાં જે તે કંપનીઓને ભારત દેશમાં ધંધો કરતા રોકી તો નહિ શકે, કારણ એવું છે કે ઘણા બધા કરારો ઉપર આપણે ભૂતકાળમાં સહી કરી ચુક્યા છીએ એટલે જે કંઈ કરવાનું છે એ પ્રજા તરીકે આપણે કરવું રહ્યું તો શું કરશું ?

ક્ષમા વીરસ્ય ભૂષણમ કરશું નહિ ...!!? અશ્વત્થામા ને માફ કર્યો હતો..? અશ્વત્થામા માથા ઉપર નો મણિ કાઢી લીધો તેમ શું પ્રજા તરીકે આપણે આ કંપનીઓનો મસ્તિષ્કમણિ ના કાઢી લેવો જોઈએ ??

દરેક ગાડીઓ બનાવતી કંપનીઓનો મસ્તિષ્કમણિ એટલે એમનો લોગો...!!!

અત્યંત પ્રેમ હોય છે તમામ અશ્વત્થામાને તેમના મસ્તિષ્કમણિ માટે..!!!

એમનું માન છે ,અભિમાન છે એમનો લોગો,

જે તમે અને હું "સગર્વ" ગાડીઓ ઉપર મફતમાં આજીવન લગાડીને ડફોળની જેમ ફરીએ છીએ...!!!

વધારે કશું જ નથી કરવાનું ,ફક્ત જે કંપનીઓ એ પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીર ઉપર વધારે પડતો પ્રેમ દેખાડ્યો છે એમની કંપનીઓની ગાડીઓ જો આપણે વાપરતા હોઈએ તો એમના લોગો ઉપર આપણો પ્રાણ પ્યારો ત્રિરંગો લગાડી દો ..!!

એમના મસ્તિષ્કમણિ ને ધૂમિલ કરી મુકો ...!!!

રૂપિયા આપણા ગયા છે, આપણે મૂરખ પાકિસ્તાનીઓ નથી કે મેચ હારી જઈએ તો આપણા પોતાના ટીવી ફોડી નાખીએ ,સેહજ શાણપણથી કામ લઈએ તો એક જબરજસ્ત સંદેશો દુનિયા આખી ને જાય કે અહિયાં વધારે પડતી હોશિયારી મારવાનો મતલબ નથી..!!

ભારતમાં ધંધો કરવો હશે તો ભારતના હિતોનું ધ્યાન તો રાખવું જ પડશે...!!

ભારત એ બહુ મોટું માર્કેટ છે.. વગેરે વગેરે વાર્તાઓ દુનિયાના આર્થિક જગતના લોકો વારે વારે કરતા રહે છે ,અને બીજી પણ એક વાત અત્યારે આર્થિક જગત કરે છે અને એ છે આર્થિક સામ્રાજ્યવાદ ..!!

સલ્તનતે બર્તાનીયાના પતન પછી દુનિયા એ હાશકારો કર્યો કે સામ્રાજ્યવાદનું પતન થયું પરંતુ એ જ સામ્રાજ્યવાદ એક નવા સ્વરૂપે સામે આવ્યો અને એ છે આર્થિક સામ્રાજ્યવાદ..!!

આપણા જ બે પાડોશી એક આર્થિક સામ્રાજ્યવાદ નો શિકાર અને બીજો શિકારી ..!!

ચીન દેશએ શ્રીલંકાને એટલી બધી લોનો આપી કે એની ચુકવણી કરતા કરતા લગભગ નાદારીની અવસ્થાએ લંકા આવી ગયું, પછી શું થયું ? તો કહે રામપાતર લઈને ભારતની સામે ઉભા અને આપણે તો "વસુધૈવ કુટુમ્બકમવાળા" ..!! કરી સખાવત..!!

પણ ચેતવાનું અહિયાં જ છે ..!! આપણે ક્યાંક આ આર્થિક સામ્રાજ્યવાદના ભોગ ના બની જઈએ..!!!

સમયની માંગ છે કે ભારતની પ્રજા પણ સરકારની જોડે જોડે જાગૃત થાય અને સેહજ પોતાનું ડાહપણ જે બીજાને સલાહ આપવામાં વાપરે છે તે કોઈપણ વસ્તુની ખરીદી કરતા પેહલા વાપરે..!!

રોજબરોજની જિંદગીમાં તમે અને હું એટલા બધા ગૂંચવાયેલા હોઈએ છીએ કે કોઈપણ વસ્તુ ખરીદતા પેહલા અને ખરીદ્યા પછી પણ આપણે ઝાઝી લપ્પન છપ્પન કરતા નથી અને લગભગ બધું સરકાર માઈબાપ ને ભરોસે છોડી દઈએ છીએ , પણ અમુક વાતો અને વસ્તુ પ્રજાકીય લેવલે પણ થવી જોઈએ..!!

એકદમ સમય પાકી ગયો છે કે અશ્વત્થામા નો મસ્તિષ્કમણિ ઉતારી લો..!!

મોકો આપ્યો જ છે તો ચોક્કો મારી લ્યો..!!!

સુનીલ ગાવસ્કરની એક સરસ કલીપ સોશિઅલ મીડિયા ઉપર જોઈ.. સુનીલ ગાવસ્કર લાહોરનો એક કિસ્સો કહે છે કે મહારાજા વડોદરા એ ત્યાં કોઈ ફક્શનમાં એમની ઓળખાણ મલ્લિકા એ તરન્નુમ નૂરજહાં સાથે કરાવી ,તેઓ ભારતીય ટીમ ના કપ્તાન હતા અને ત્યારે નૂરજહાં એમ બોલ્યા કે હું તો મારા ખેલાડીઓ ઈમરાન વગેરે ને ઓળખું છું , એવે સમયે સુનીલ ગાવસ્કરે પણ કહી દીધું કે હું પણ તમને નથી ઓળખતો હું લતા મંગેશકર ને ઓળખું છું..!!

જેસી બોલી વેસા જવાબ..!!!

માફા માફી આપણને બહુ પેહલેથી પસંદ નથી.. છોડી દઈએ ઠીક છે , પણ ફરી આ ધંધો નાં કરે એવી આંટી તો ચડાવીને જ છોડાય..!!

હવે સોળ સોળવાર માફ કરવા પોસાય તેમ નથી..!! અને દરેક વિદેશી કંપનીને સમજણ પાડવી રહી કે ઈસ્ટ ઇન્ડિયા કંપની બનવાની સેહજ પણ કોશિશ નહિ કરવાની હો , અમે જાગતા બેઠા છીએ.. આ કંઈ આગ્રાના કિલ્લામાં બેઠેલો દારૂડિયા જહાંગીરનો દરબાર નથી અને નથી એની બેગમ ભોળી નૂરજહાં કે એમ સર ટોમસ રો ને ઘુસવા દેશે..!!

કાલે આપણે તો બજારમાં ઉતરવાના બે ગાડીઓના લોગો ઉપર તિરંગો લગાડવા..!!!

તમારે કેમનું છે પછી????

અશ્વત્થામાનો મસ્તિષ્કમણિ ઉતારી લો..!!

જય હિંદ જય હિંદ કી સેના

(શૈશવ વોરા)

જાગૃત નાગરિકો જાગે..

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International school.

M.B.B.S. થયા...



સનાતની મેડીકોઝ માં ઉમેરો થયો, M.B.B.S. થયા. ડો.ગૌરવ હળપાણી ધુલીયા (મહારાષ્ટ્ર) અત્રેની શ્રી પટેલ સ્ટોન ટ્રેડર્સવાળા દિનેશભાઈ કાનજીભાઈ હળપાણી તથા શ્રીમતી પુષ્પાબેન (કચ્છમાં મથલ) ના સુપુત્ર ચિ. ગૌરવ એ સારાતોવ સ્ટેટ મેડીકલ યુનિવર્સિટી, રશિયા થી હાલમાં જ M.B.B.S.ની ડિગ્રી ફર્સ્ટકલાસ સાથે પાસ કરી FMGE (મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા) ની પરીક્ષા ડિસેમ્બર-૨૦૨૧ માં ફર્સ્ટકલાસ સાથે પાસ કરી હળપાણી પરિવાર સાથે સમાજનું ગૌરવ વધારેલ છે. સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર, પ્રસાર ટીમ વતી ખુબ ખુબ અભિનંદન સાથે ઉજ્વળ ભવિષ્ય માટે ખૂબ સારી શુભકામના

સંપર્કઃ મો. ૯૪૨૩૪૧૧૨૬૫